**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૩૪ ટકા

# સંસ્કૃતિ કુંજ ખાતે ૧૮મીથી વસંતોત્સવ



## દેશભરના કલાકારો તેમના રાજયની સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી કરાવશે : હાથ બનાવટની ચીજવસ્તુઓનું બજાર ભરાશે : એડવેન્ચર સ્પોર્ટસ સાથે ખાણીપીણીનું આકર્ષણ

ગાંધીનગર, તા.૧૦

વસંતપંચમીના આગમન સાથે જ ગાંધીનગરમાં 'વસંતોત્સવ' કયારે છે તેની ઉત્સુકતા પણ વધી જાય છે અને માત્ર ગાંધીનગરવાસીઓમાં જ નહી પરંતુ આસપાસના અનેક શહેરો તથા ગ્રામ્ય વિસ્તારના નાગિરકો પણ પાટનગરમાં વસતા પોતાના સગા સ્નેહીજનોને ફોન કરીને પુછતા હોય છે. રાજયભરમાં ગાંધીનગરની ઓળખ બની ગયેલો વસંતોત્સવ આ વર્ષે ૧૮મી ફેબ્રુઆરીથી પ્રારંભ થઈ રહ્યો છે અને સતત ૧૦ દિવસ ચાલતા આ ઉત્સવમાં ભારતભરમાંથી આવતા કલાકારો તેમના રાજયની સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી પ્રસ્તુત કરશે.

જેની સોડમાં પાટનગર વિકસ્યું છે તેવી સાબરમતી નદીના કુદરતી કોતરોમાં વિકસાવાયેલ 'સંસ્કૃતિ કુંજ' ખાતે આગામી તા. ૧૮મી ફેબ્રુઆરીથી પ્રારંભ થઈ રહેલા વસંતોત્સવમાં દેશના વિવિધ રાજયોના કલાકારો ઉમટશે અને પોતાના રાજયની લોકસંસ્કૃતિના નૃત્યોને રજૂ કરશે. આ ઉપરાંત સંસ્કૃતિ કુંજ ખાતે સમગ્ર વસંતોત્સવ દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારની હાથ બનાવટની ચીજવસ્તુઓનું વિશાળ હસ્તકલા બજાર પણ ભરાશે. આ સાથે ખાણી-પીણી અને આનંદ-પ્રમોદના વિવિધ આકર્ષણો સાથે ગત વર્ષથી પ્રારંભ કરાયેલ એડવેન્ચર સ્પોર્ટસ પણ જોવા મળશે. વસંતોત્સવમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુજરાતના રાસ ગરબા, સીદી ધમાલ નૃત્ય, આદિવાસી નૃત્યો, ભવાઈ વગેરે ઉપરાંત રાજસ્થાનનું કાલબેલિયા તેમજ ઘુમર નૃત્ય, બંગાળનું દુર્ગાપૂજા નૃત્ય, આસામનુ બીહુ, પંજાબનું ભાંગડા મણીપુરનું તલવાર નૃત્ય સહિત અનેક નૃત્યો પ્રેક્ષકો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. ભારતભરની સાંસ્કૃતિક ઝલક એક સાથે પ્રસ્તુત થતી હોવાને કારણે સંસ્કૃતિ કુંજમાં 'મીની ભારત' સમો માહોલ ખડો થાય છે. હસ્તકળા બજારમાં પણ હાથ વણાટની સાડીઓ, કૂર્તા વગેરેથી માંડીને તમામ વસ્ત્રો, પગરખાં, માટી કામની ચીજવસ્તુઓ, ઘર સજાવટની ચીજવસ્તુઓ, લાકડાંની બનાવટો, ફર્નિચર, રમકડાં ઉપરાંત આયુર્વેદિક પધ્ધતિએ બનાવેલ સાબુ, શેમ્પુ વગેરેથી માંડીને મુખવાસ સહિતની અઢળક ચીજવસ્તુઓ પ્રાપ્ય બને છે. ગત વર્ષથી વસંતોત્સવમાં એડવેન્ચર સ્પોર્ટસ પણ ઉમેરવામાં આવ્યું છે. જેને સારો પ્રતિસાદ સાંપડયો છે. આ સાથે ખાણી પીણી બજારમાં પણ મુલાકાતીઓને દેશની અનેક વાનગીઓ માણવાનો મોકો પ્રાપ્ત થાય છે અને દર વર્ષે વસંતોત્સવમાં મુલાકાતીઓની સંખ્યા વધતી રહે છે.

## સિવિલની આર્યુવેદ ઓપીડીમાં ૧૦ હજારથી વધુ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલી આર્યુવેદિક ઓપીડીમાં જાન્યુ-૧૮ થી ડિસેમ્બર -૧૮ અત્યાર સુધીમાં કુલ૧૦,૯૭૭ દર્દીઓએ લાભ લીધો છે. જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સૌથી વધુ પાચનતંત્રને લગતા રોગના દર્દીઓ વધુ નોંધાયા છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બન્યા બાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. તાવથી માંડીને ડાયાલીસીસ સુધીની સારવાર સિવિલમાં સરળતાથી ઉપબ્લબ્ધ છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે ઓપીડી અને ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. તેવા સમયે આર્યુવેદિક ઓપીડીમાં વિવિધ રોગની સારવાર માટે દર્દીઓની લાંબી લાઈનો લાગી છે. સિવિલમાં ઘણા સમયથી એક જ સ્થળ પર આર્યુવેદિક ઓપીડી હોવાથી દર્દીઓ વધુ જોવા મળે છે. જયારે આજના એલોપેથી દવાના યુગમાં દર્દીઓ આર્યુવેદિક દવા તરફનો ઝુકાવ વધ્યો છે. જેમાં છેલ્લા એક વર્ષમાં પાચન તંત્રને લગતા રોગના-૧૧૯૫, ચામડીના રોગ -૩૪૦, સિઝનલ રોગના ૪૮૦ (શરદી, ખાંસી અને તાવ), ડાયાબીટીસના-૪૫૪, સ્થુળતા-૧૦૨, સાંધાના રોગ-૭૪૨, અન્ય રોગ-૯૨૪ નોંધાયા છે. અત્યારે એલોપેથીના જમાનામાં આર્યુવેદિક અને હોમિયોપેથીક દવા લેનાર વર્ગ પણ વધુ જોવા મળે છે. કારણ કે આર્યુવેદિક દવાઓ લાંબા સયમે દર્દ મટાડી શકે છે. તેમજ આર્યુવેદિક દવાઓ લેવાથી આડ અસર થતી નથી જેથી મોટાભાગના નગરજનો આર્યુવેદિક દવાઓ લેવાનું વધુ પસંદ કરે છે.

## પરીધી ત્રિવેદી લિખિત 'Math Mantra' પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા.૧૦

વસંતપંચમી એ જ્ઞાનની પંચમી છે ત્યારે આજે આ વસંતપંચમીના દિવસે શહેરની દિકરી પરીધી ત્રિવેદી લખિત **'Math Mantra'** પુસ્તકના વિમોચન સમારંભનું આયોજન સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે-૧૭ ખાતે કરાયું હતું. અથર્વવેદના ૧૬ સુત્રો અને તેના પેટા સુત્રોનો નિચોડ ધરાવનાર આ પુસ્તકના વિમોચન પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, સ્વામિનારાયણ ગુરુકુળના રામકૃષ્ણ સ્વામી તથા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તક ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઉપયોગી બની રહેશે.

કાર્યક્રમનો આરંભ મા સરસ્વતી તથા ગણેશ વંદનાથી કરાયો હતો. કાર્યક્રમના આરંભે પરિધિના પિતા પુલકભાઈ ત્રિવેદી કે જે માહિતિ ખાતાના ઉચ્ચ અધિકારી છે તેમણે પરિધિની બાળપણથી લઈ અત્યાર સુધીની તેની યાદો વાગોળી તે નાનપણથી જ ગણિતમાં ખૂબ જ હોંશિયાર અને ચપળ હતી તેમ જણાવ્યું હતું. રામકૃષ્ણ સ્વામીએ પણ પરિધિના બાળપણની વાતો યાદ કરીને તેમને ખૂબ આશીર્વાદ પાઠવ્યા હતા. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ પરિધિ બોર્ડમાં સમગ્ર ગુજરાતમાં નંબર મેળવ્યો તે પ્રસંગને યાદ કરી વૈદિક ગણિતનું મહત્વ તથા આ પુસ્તક પ્રકાશિત કરી આપણી પરંપરા, સંસ્કાર અને સંસ્કૃતિને ગણિતના માધ્યમથી ઉજાગર કરી છે તેમ જણાવતા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે કામના કરી હતી.




શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ શિક્ષણના મહત્વ સાથે આવનાર નવી જનરેશન પણ આ વૈદિક ગણિતની પધ્ધતિઓ સરળ રીતે સમજી શકે તે રીતે પુસ્તક તૈયાર કરવા બદલ પરિધિને અભિનંદન આપ્યા હતા અને તેમને બોર્ડના વિદ્યાર્થીઓ માટે તથા બીજા પુસ્તકો આ રીતે જ તેઓ પ્રકાશિત કરતા રહે તે માટે પ્રોત્સાહન આપ્યું હતું.

પરિધિના જીવનસાથી હાર્દિક પરીખે આ પુસ્તક તથા તેમની બંનેની જિંદગીની સફર વિશે વાત કરી પરિધિની ઝડપી નિર્ણય લેવાની શકિત તથા કોઈ પણ કામ પ્રત્યેની તેમની લગની પ્રશંસા કરી હતી. પરિધિ પરીખે પણ તેમના જીવનસાથી, કુટુંબીજનો, મિત્રો, સ્નેહીજનો, તેમના વિદ્યાર્થીઓનો તથા આ પુસ્તક પ્રકાશિત કરવા બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો આ પ્રસંગે ખૂબ આભાર માન્યો હતો.

## આજે કડી કેમ્પસ ખાતે વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ તથા તેજસ્વી તારલાઓને પુરસ્કાર વિતરણ સમારોહ તા.૧૧ ફેબ્રુઆરી સોમવારના રોજ સવારે ૯ કલાકે ઉમા કોલેજ ગેટ નં. ૬, સે-૨૩ ખાતે યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. વાસુદેવ કાનજીભાઈ બારોટ, ઉ.વ. ૭૦
- સ્વ. પંજાબી કાન્તા ગુરૂદીપ, ઉ.વ. ૭૬
- સ્વ. અમથીબેન અમરતભાઈ રબારી, ઉ.વ. ૬૧

## લગ્ન સમારંભો વચ્ચે એસ.જી. હાઈ-વે અને કોબા-ગાંધીનગર માર્ગ પર ભારે ટ્રાફિક જામ

ગાંધીનગર, તા.૧૦

વસંતપંચમીના શુભ મુર્હુતે શહેરમાં અસંખ્ય લગ્ન સમારંભોનું ઠેર ઠેર આયોજન થયું છે. લગ્ન સમારંભોની ભરમાર વચ્ચે ગાંધીનગર-અમદાવાદને જોડતા માર્ગો પર આજે સવારથી જ મોડી સાંજ સુધી ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. ગાંધીનગર-અમદાવાદને જોડતા એસ.જી. હાઈ-વે અને એરપોર્ટ રોડ પર મોટી સંખ્યામાં પાર્ટીપ્લોટ અને કલબો આવેલી છે. જયાં લગ્ન સમારંભ યોજાઈ રહ્યા છે જેને પગલે અડાલજ, વૈષ્ણોદેવી સર્કલ હાઈકોર્ટ તથા સુઘડ સર્કલ માર્ગ પર વાહનોની સંખ્યામાં સતત વધારો થતા સખત ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે અને વાહન ચાલકોએ કલાકો સુધી ટ્રાફિકમાં વાહન લઈ બેસી રહેવાનો વારો આવે છે.

ગાંધીનગર શહેરમાં વસંતપંચમીના શુભ મુર્હુતે ઠેર ઠેર લગ્ન સમારંભો તથા સમૂહ લગ્નોત્સવ થઈ રહ્યા છે. જેથી લગ્નવાડીઓ, રંગમંચ, ખાનગી પાર્ટી પ્લોટમાં ધૂમ મચી છે. વળી શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિવિધ જ્ઞાતિ-સમાજના લગ્ન અને સમુહ લગ્નોત્સવનું આયોજન થઈ રહ્યું છે. ગાંધીનગર-અમદાવાદને જોડતા હાઈ-વે પર અસંખ્ય પાર્ટીપ્લોટ, હોટલો, કલબો, લગ્નવાડીઓમાં લગ્ન સમારંભો યોજાઈ રહ્યા છે જેને પગલે એસ.જી. હાઈવે પર, અડાલજ, વૈષ્ણોદેવી, ખ-૦ સર્કલ અને ગોતા સુધી સવારથી જ વાહનોની ભારે ચહલ પહલ જોવા મળી રહી છે. ઉપરાંત વરઘોડા, નાચગાન અને જાન પ્રસ્થાનને લઈને પણ વાહન વ્યવહાર પર અસર થઈ રહી છે. જેથી રોડ પર ત્રણ ચાર કિમી લાંબી વાહનોની કતાર જોવા મળી રહી છે અને ટ્રાફિક સમસ્યા ગંભીર બની છે.

આ ટ્રાફિક જામની સ્થિતિને પગલે કલાકો સુધી ટ્રાફિક પોલીસને પણ મથવું પડે છે. સર્કલોની આસપાસ તો નાગરિકો વાહનો એવી રીતે ઉભા કરી દે છે કે વાહન કયાંથી કાઢવું તે જ મુશ્કેલ બની જાય છે. આજના આ ભારે ટ્રાફિકને કારણે હવા અને અવાજના પ્રદૂષણમાં પણ ભારે વધારો નોંધાયો હતો.

## સે-૨૫માં મધરાત્રે લૂંટારૂઓ ધોકા લઈને ઘરમાં ઘુસ્યા

### બારીની ગ્રીલ તોડીને અંદર ઘૂસેલા લૂંટારૂએ વૃદ્ધ મકાનમાલિકની આંખમાં ટોર્ચ નાખીને કહ્યું 'જાન પ્યારી હૈ યા માલ?' : મકાન માલિકને ગોંધી રાખીને લુંટારૂઓ તિજોરી સાફ કરી ગયા..! : પોલીસ નિષ્ક્રિય : ચોરો બિન્દાસ્ત

ગાંધીનગર, તા.૧૦

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમા જે રીતે ગુનાખોરી કુદકે ને ભુસકે વધી રહી છે તે જોતા લાગી રહ્યું છે કે આવનારા દિવસોમાં યુપી-બિહાર જેવી સ્થિતિનુ સર્જન થઈ જાય તો નવાઈ નહીં..! ચોરી, વાહનચોરી અને ઘરફોડ ચોરીઓ તો હવે સાવ સામાન્ય બાબત થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે કેમ કે હવે તો એક તરફ હતી આવો તો બીજી તરફ લૂંટ અને ધાડ જેવા ગંભીર પ્રકારના ગુનાઓ ગમે ત્યારે બની જાય છે. ગઈકાલે રાત્રે શહેરના સેક્ટર-૨૫ ખાતે એક મકાનમાં જે ઘટના બની તે જાણીને શહેરીજનોની સલામતી ઉપર એક મોટો પ્રશ્નાર્થ થયો છે. મોડી રાત્રે વૃદ્ધ દંપતી મકાનમાં શાંતિથી સૂતું હતું તેટલામાં તેમના મકાનની બારીની ગ્રીલ તોડીને બિન્દાસ્ત રીતે લૂંટારૂઓ ઘરની અંદર ઘૂસી ગયા અને મકાન માલિકની આંખમાં ટોર્ચ મારીને મારી નાખવાની ધમકી આપી તેમના મકાનમાંથી તિજોરી સાફ કરીને લૂંટારૂઓ ફરાર થઈ ગયા..! હિન્દી ભાષા બોલતા આ લૂંટારૂઓ તિજોરીમાંથી ૩૫ હજાર રોકડા તથા સોનાના દાગીના મળી અંદાજે ૫૦ હજારની મત્તા લૂંટી ગયા હતા. લૂંટારૂઓ ભાગી ગયા ત્યાર બાદ પોલીસને જાણ કરીને બોલાવી લેવાઈ હતી પરંતુ આ મામલે મકાનમાલિકે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

મળતી વિગત મુજબ ગઈકાલે રાત્રે ત્રણથી સાડા ત્રણ વાગ્યાના અરસામાં સેક્ટર-૨૫ ખાતે આવેલી સહકાર કોલોનીમાં એક મકાનને લૂંટારૂઓએ ટાર્ગેટ બનાવ્યું હતું. આ લૂંટારૂઓએ મકાન બંધ છે કે કેમ તે જાણવાની સુદ્ધા તસ્દી લીધી ન હતી, જે બતાવે છે કે તેમની હિંમત કેટલી વધી ગઈ છે. આ મકાનમાં વૃધ્ધ પતિ પત્ની સુતા હતા ત્યારે લૂંટારૂઓએ બારીની ગ્રીલ તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. સૂતેલા મકાન માલિક અચાનક ચોંકી ગયા અને કઈ બોલે કે બૂમ પાડે તે પહેલાં જ એક લૂંટારૂ શખ્સે ટોર્ચ ચાલુ કરીને વૃદ્ધ મકાનમાલિકના આંખમાં પ્રકાશ ફેંક્યો હતો. બીજો લૂંટારૂ પાછળ ધોકો લઈને ઉભો હતો. મકાન માલિકના મોઢા ઉપર રજાઈ લપેટી દઈ લૂંટારૂઓએ હિન્દી ભાષામાં ધમકી આપી હતી કે 'જાન પ્યારી હૈ યા માલ? ઘર મેં જો સામાન પડા હૈ વો ચૂપચાપ દે દે, વરના તું ઔર તેરી ઘરવાળી દોનો કો ઉડા દેંગે..' ગભરાઈ ગયેલા મકાનમાલિકે તિજોરી ખુલ્લી જોવાનો ઈશારો કરતા એક લુટારૂ તિજોરી પાસે પહોંચી ગયો હતો અને અંદરથી રોકડ રૂ.૩૫ હજાર તથા આશરે ૧૫ હજારની કિંમતના દાગીના મળી તિજોરીમાંથી અંદાજે ૫૦ હજારની મતાની લૂંટ ચલાવી બંને લુટારૂઓ ફરાર થઈ ગયા હતા. લુટારૂઓ ભાગી ગયા બાદ પડોશીઓને જાણ કરતાં રાત્રે ટોળું ભેગું થઈ ગયું હતું અને પોલીસને બોલાવી લીધી હતી. જોકે અંધારામાં લૂંટારૂઓ ફરાર થઈ ચૂક્યા હતા. આ મામલે મકાનમાલિકે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે. તો બીજી તરફ આ મામલે સેક્ટર-૨૧ પોલીસ મથકના પીઆઈ ટી.એલ.વાઘેલાને પૂછતા તેમણે આવી કોઈ ઘટના અમારા પોલીસ મથક સુધી આવી નહી હોવાનો જવાબ આપી નાઈટ પેટ્રોલીંગ કરતી પોતાની ટીમની આબરુ બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

# ઓનલાઈન દવા ખરીદીમાં સલામતી અંગે દર્દીઓમાં અવઢવ

### ઓનલાઈન બજારમાં ફાયદા મળવા ઉપરાંત ડોકટર-કેમિસ્ટની મીલીભગત જેવા દૂષણથી બચવા ઓનલાઈન દવા ખરીદીનો વધતો વિકલ્પ કેટલો યોગ્ય છે? વધતા ઓનલાઈન વેપાર સામે સ્થાનિક દવા વિતરકો દર્દીઓનો વિશ્વાસ જાળવી શકશે??

ગાંધીનગર, તા.૧૦

સ્વાસ્થ્યની જાળવણી એ આજના ઝડપી યુગમાં પેચીદો પ્રશ્ન બનતો જાય છે અને દિનપ્રતિદિન આરોગ્યલક્ષી તબીબી સેવાઓ તથા દવાઓ પણ મોંઘી બનતી જાય છે. વળી, નીતનવા રોગો અને સારવાર પધ્ધતિઓ સામે આવતી જાય છે તે સંજોગોમાં સામાન્ય નાગરિક ઘણીવાર અવઢવમાં મુકાઈ જાય છે કે શું કરવું? એકવાર વ્યકિત બિમાર પડે એટલે તેણે બિમારી સામે લડવાની હિંમત કેળવવા સાથે દવાખાનાના અને દવાઓના બિલો ચુકવવા માટે પણ હિંમત એકઠી કરવાની જરૂર પડે છે. નવી પેઢીમાં દરેક બાબતે 'ઓનલાઈન' ખરીદીનું ચલણ વધતું જોવા મળી રહ્યું છે. જેને પગલે હવે દવાઓ પણ ઓનલાઈન મળતી થઈ ગઈ છે ત્યારે હજુ પણ સરેરાશ નાગરિકને એ પ્રશ્ન સતાવી રહ્યો છે કે ઓનલાઈન દવાની ખરીદી કેટલી યોગ્ય અને સલામત કહેવાય ? આ સાથે અન્ય વ્યવસાયની જેમ દવાઓના વ્યવસાયમાં પણ 'ઓનલાઈન' પધ્ધતિના પ્રવેશથી ભડકેલા




રીટેઈલ કેમિસ્ટ દુકાનદારો કાયદાકીય પ્રક્રિયાનું પાલન ઓનલાઈન વેપારમાં કેવી રીતે થશે તેવા સવાલો સાથે તબીબે સૂચવેલ જરૂરી સૂચનો સમજાવટ આપવાનો માનવીય અભિગમ તેમાં કેવી રીતે જળવાશે તેવી દલીલ સાથે દર્દીના આરોગ્ય માટે ઓનલાઈન દવા વિતરણને જોખમી દર્શાવી રહ્યા છે.

ભારતમાં ઓનલાઈન દવાનો વેપાર હજુ નવો નવો છે. એ અલગ વાત છે કે વિદેશોમાં આ પધ્ધતિ પ્રચલિત છે પરંતુ વિદેશોમાં કાનુની બાબતના પાલન પ્રત્યેની પ્રતિબધ્ધતા સામે ભારતમાં તે અંગે વિશ્વાસપાત્રતા દરેક ક્ષેત્રે ઓછી હોવાના બળાપા જોવા મળે જ છે. અને એવું જ થયું કે ઓનલાઈન દવા વિક્રય શરુ થયો તેમાં શિડયુઅલ એકસમાં આવતી દવાઓ જેમાં નાર્કોટિકસ ડ્રગ્સ સામેલ હોય છે તેનું બેરોકટોક વેચાણ શરૂ થઈ ગયું હતું. વળી, ઓનલાઈન દવા વિતરકોને સ્ટેટ ફાર્મસી કાઉન્સિલમાં નોંધણી પણ ના હોવાથી એક રીતે કહેવાય કે લાયસન્સ વગર જ દવાઓ વેચાવા લાગી હતી. આ બાબતે ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટસ સહિતના સંગઠનોએ કેન્દ્ર સરકારનું ધ્યાન દોરતા કેન્દ્ર સરકારે તા. ૨૮-૮-૨૦૧૮ના રોજ ગેઝેટ નોટીફિકેશન નં. ૮૧૭ બહાર પાડી ઓનલાઈન દવા વેચાણ માટે નીતિ નિયમો જાહેર કર્યા છે. જો કે આ પછી



પણ મુંબઈ હાઈકોર્ટ અને દિલ્હી હાઈકોર્ટમાં વાંધા અરજીઓ અને યાચિકાઓ પણ દાખલ થવા પામી છે. અગાઉ વર્ષ ૨૦૧૫માં જ ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ સરકયુલર બહાર પાડી ઓનલાઈન દવા વેપારમાં ડ્રગ્સ એન્ડ કોસ્મેટીકસના કાયદા તથા તેના નિયમોની અવગણના થતી હોવાથી જાહેર સ્વાસ્થ્યને અનુલક્ષીને કડક પગલાં ભરવા સૂચન કર્યું જ હતું. જો કે કાનુની બાબતે ઉહાપોહ થતા સરકારે ઓનલાઈન દવા વિતરકોને પણ સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના લાયસન્સ ફરજિયાત કરાવ્યા અને કેટલીક દવાઓ વેચવા પર રોક લગાવી દીધી છે. પરંતુ હજુ પણ ઓનલાઈન દવાનું વેચાણ દર્દી માટે કેટલું સલામત તે અંગે અવઢવ યથાવત જોવા મળી રહી છે.

સામાન્ય રીતે જોઈએ તો કોઈ પણ ચીજવસ્તુના ઓનલાઈન વેપારને પગલે ગ્રાહકોને સ્પર્ધાત્મક કિંમતનો લાભ મળે છે તેથી સ્થાનિક બજાર કરતા તે વસ્તુ સસ્તી મળી રહે છે તેવી દલીલ સામે ઓનલાઈનથી મંગાવેલી ચીજવસ્તુઓમાં છેતરામણી પણ થતી હોવાની વધતી ફરિયાદો પણ એટલી જ જોવા મળી રહી છે. નવી પેઢીને ઓનલાઈન ખરીદી વધુ ફાવે છે અને સરકારને તેમાં ટેકસચોરીની શકયતા નહિવત જણાય છે ત્યારે શું દવાઓ પણ ઓનલાઈન ખરીદવી વ્યાજબી છે? કેટલીક દવાઓ એવી હોય છે જેને કોલ્ડ સ્ટોરેજ અથવા ચોકકસ તાપમાને સંગ્રહ કરવી પડે છે ત્યારે ઓનલાઈન ખરીદી કરવાથી ટ્રાન્સપોર્ટ થકી ડિલીવરી થતી દવાઓમાં આ ધારાધોરણ કેટલું જળવાતું હશે તે પણ એક શંકાનો વિષય છે. હવે સરકારે દરેક દવા વિતરકે તબીબના પ્રિસ્ક્રીપ્શન વગર દવા વેચવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે અને દવાની દુકાને કેમિસ્ટની હાજરી ફરજિયાત કરી છે. ઓનલાઈન દવાના ઓર્ડરમાં પણ પ્રિસ્ક્રિપ્શન તો અપલોડ કરવું ફરજિયાત છે પરંતુ આ પ્રિસ્ક્રિપ્શનની સત્યતા કેટલી તે અંગે હજુ કોઈ ચોકકસ ધારાધોરણ દેખાતું નથી, વળી, તબીબે જયારે સૂચવ્યું હોય કે ફલાણી દવા જમ્યા પહેલા કે જમ્યા પછી લેવી, સાથે કેવો આહાર લેવો અને કેવો ના લેવો જેવી સૂચનાઓ મોટે ભાગે સ્થાનિક કેમિસ્ટ જ દર્દીને સમજાવતા હોય છે. આ પ્રકારનો માનવીય અભિગમ ઓનલાઈન દવા ખરીદીમાં કેટલો જળવાય તે પણ પ્રશ્ન છે. સરકારના નીતિ નિયમ મુજબ સ્ટોકિસ્ટે સ્ટોક તથા અમુક ફરજીયાત રજીસ્ટર મેન્ટેઈન કરવા પડે છે તેનું ઓનલાઈન વિતરક કેટલું પાલન કરતા હશે જેવી બાબતો તંત્રએ ચકાસવી રહી. આ સાથે જેમ બજારમાં અનેકવાર ડુપ્લીકેટ દવાઓનું વેચાણ થતું હોવાના કિસ્સા પણ જોવા મળ્યા છે તે રીતે ઓનલાઈન વેપારમાં ડિલીવરી થતી દવાઓની ગુણવત્તા પણ ચકાસવા અંગે તંત્રએ કેટલા અને કેવા પગલાં લીધા છે તે તપાસનો વિષય છે.

એકંદરે જે ગ્રાહકો શિક્ષિત છે અને તબીબની સૂચના સાથે દવા અંગે પુરતી જાણકારી જેમને છે તેઓ માટે કદાચ ઓનલાઈન દવા ખરીદી યોગ્ય વિકલ્પ જણાતો હશે પરંતુ સરેરાશ દર્દી માટે હજુ પણ આ સીસ્ટમ જોખમી ગણી શકાય. જો કે આ સાથે સ્થાનિક દવા વિતરકોએ પણ દર્દીઓનો વિશ્વાસ તેમનામાં જળવાઈ રહે તે જવાબદારી નિભાવવી રહી.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com